।। सा विद्या या विमुक्तये ।।

# શારદ

વર્ષ ૧૪ માર્ચ-એપ્રિલ - ૧૯૯૪ અંક ૪

## વાલીઓને

**શાળાના સમય અંગે કેટલીક વાત**

આ સંસ્થાના નવા મકાનમાં (શારદા સોસાયટી પાસે આવેલ મકાનમાં) તેના નાનાં પ્રાર્થનામંદિરમાં બધા-જ તત્કાલિન શ્રેણી ૫ થી ૧૧ના બધા જ- વર્ગોનો એક સાથે સમાવેશ થતો અને છતાં કેટલીક ખાસી જગા ખાલી રહેતી. ૧૯૫૩-૫૪ના અરસાની આ વાત છે. દરેક વર્ગમાં ૩૦ વિદ્યાર્થીઓની સંખ્યા પણ વધુ ગણાતી.

આજે પરિસ્થિતિ બદલાઈ છે. મોટાં પ્રાર્થનામંદિરમાં પણ ત્રણ વર્ગોનો સમાવેશ કરતાં વિચાર કરવો પડે છે. પૂરું પ્રાર્થનામંદિર ખીચોખીચ ભરાઈ જાય છે.

આ સંસ્થામાં બાલમંદિરથી ઉચ્ચતર માધ્યમિક વિભાગ સુધી સામાન્યતઃ વિદ્યાર્થી અભ્યાસ કરે છે પરંતુ બાલમંદિર, પ્રાથમિક વિભાગ (શિશુમંદિર), હાઈસ્કૂલ (વિનય મંદિર) શ્રેણી ૮ થી ૧૦ અને હાયર સેકન્ડરી (શ્રેણી ૧૧ અને ૧૨ના વર્ગો અને બંને પ્રવાહો-સામાન્ય અને વિજ્ઞાન) આમ જુદા જુદા વિભાગોના સમય, સ્થળ બધું જ અલગ રીતે ચાલે છે. સંસ્થાની વિવિધ પ્રવૃત્તિઓને પણ અલગ અલગ ઓપ આપવો પડે છે.

અમારો અભિગમ તો સંસ્થાના એક વિભાગમાં કોઈ બાળક ભણતું હોય તો તેના ભાઈબહેનને પ્રવેશ માટે પ્રથમ પસંદગી આપવાનો રહ્યો છે પણ શાળાએ આવવા માટેની સમયની અલગતા તો રહેવાની જ. કોઈ વિભાગમાં પરીક્ષા હોય, કોઈ વિભાગમાં ફેન્સી ડ્રેસ જેવી પ્રવૃત્તિ કરવાની હોય, કોઈને સાંસ્કૃતિક કાર્યક્રમ હોય, ઋતુના ફેરફાર સાથે અમુક વિભાગને અમુક સમયે રાખવું આવશ્યક જણાય એ બધું જ સ્વાભાવિક છે અને એ માટેનું અનુકૂલન વાલીએ કરી જ લેવું પડે.

સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ, પરીક્ષા, વેકેશનનો સમયગાળો આ બધું જ બધા વિભાગો માટે એક સરખું રાખવું વહેવારમાં હંમેશા શક્ય નથી અને તેનું મુખ્ય કારણ સંખ્યાનો વધારો. હકીકતમાં આ સંખ્યા મર્યાદિત રાખવાનો અમારો ખૂબ સભાનતાપૂર્વકનો પ્રયત્ન છે, પરંતુ આ વિસ્તારનો જે ઝડપે વિકાસ થયો છે એ સંદર્ભમાં તેનું નિયંત્રણ પણ મુશ્કેલ બને છે.

પોતાના બાળકો જુદા જુદા વિભાગમાં હોય ત્યારે બાળકને શાળાએ આવવાનું અને પાછા લઈ જવાનું આયોજન વાલીએ તે રીતે કરવા વિનંતી છે. આ સંદર્ભમાં ઊભી થતી અસુવિધા સ્વીકારવા નમ્ર વિનંતી.

બાલમંદિર અને પ્રાથમિક વિભાગના બાળકો છૂટે પછી લાંબા સમય સુધી વાલી બાળકને લેવા આવતા ન હોઈ બાળક એકલું ઘેર જવા ચાલ્યું ગયું હોય તેવા બનાવો બનતા જોઈ દુઃખ થાય છે. વાલીની આવી બેદરકારી જોખમો ઊભા કરે છે તે તરફ ગંભીરતાપૂર્વક ધ્યાન દોરું છું.

શાળા છૂટ્યા બાદ પંદર મિનિટના સમયમાં બાળકને શાળામાંથી લઈ જવું.

- દિનુભાઈના વંદન

## 'મેળો' એક સંભારણું

''એ આયો આયો આયો ભાઈ ફુગ્ગાવાળો આયો' નાં સૂર હવામાં વહેતાં થયાંને જાણે આખું ય વાતાવરણ ચેતનાથી ધબકી ઊઠ્યું, પહેલાં ધોરણનાં મીઠાં ભૂલકાંઓ હાથમાં ફુગ્ગા લઈ રંગમંચ પર નાચી ઊઠ્યાં..ને આખાય સભાગૃહનાં બધાં જ પ્રેક્ષકો એમાં તન્મય થઈ ડોલી ઊઠ્યાં.

'ચરરર ચરરર મારું ચકડોળ ચાલે' મોટી બહેનોની વચ્ચે નાનકડી એ બહેનોને ચકડોળમાં બેસાડવાની અને તેમાં મહાલવાની કલ્પનાને પ્રેક્ષકોએ, વાલીઓએ હર્ષભેર વધાવી લીધી...અને પેલો મદારીનો ખેલ ! વાંદરાનો અભિનય કરનાર બહેન ચિનારે જાણે મદારીનાં વાંદરાનું અતિ સૂક્ષ્મ નિરીક્ષણ કર્યા પછી જ આ અભિનય કર્યો છે તે સ્પષ્ટ વરતાતું હતું. લગભગ ૨૩૨ જેટલા બાળકોએ રંગમંચ પર આવી જે મેળો રજૂ કર્યો, તેમાં તેમની તન્મયતાએ તો જાણે સૌ કોઈને મેળામાં મહાલંતા કરી દીધા, સૌએ મેળો માણ્યો, સૌ મેળામાં મહાલ્યાં, ને એ કાર્યક્રમ એક સંભારણું બની ગયો... એ સંભારણાને કચકડામાં મઢી દીધું છે, એની ઓડિયો કેસેટ સ્કુલમાં મળી શકે છે. ક્યારેક આવી મીઠી સ્મૃતિઓને વાગોળવી ગમે છે.

એવો જ એક નવતર પ્રયોગ આ વખતે વિનયમંદિરની બહેનોએ પણ કર્યો. આંતરગૃહ ગરબા સ્પર્ધામાં તેઓએ કેસેટ પર ગરબા રજૂ કર્યા. ખૂબ ઓછા સમયમાં પણ આની તૈયારી પછી તેમની રજૂઆત સાચે જ ધન્યવાદને પાત્ર હતી. આવા પ્રયોગો ન કર્યા હોય ત્યાં સુધી કાર્યક્રમમાં કેવી, ક્યાને કેટલી મહેનત જરૂરી છે તેનાં આયોજન વિગેરેનો પૂરો અંદાજ નથી આવતો પરંતુ આ કાર્યક્રમ વડે એ અંગે પણ ઘણું જાણવા ને શીખવાનું મળ્યું. ફક્ત કેસેટ જ ઉપલબ્ધ હોય અને ગરબાનાં કલાકારોનો ઉત્સાહ હોય તો દુનિયાને ગમે તે ખૂણે ઘડીવારમાં કાર્યક્રમનું આયોજન થઈ શકે એ વિચારે એક નિશ્ચિંતતાનો પણ અનુભવ થયો અને એટલે જ 'મેળા'ની કેસેટનો પણ વિચાર સ્ફૂર્યો.

''આ ઝી. ટીવીનાં જમાનામાં તમે આ 'મેળો' કરીને આપણી ભારતીય સંસ્કૃતિને જીવંત રાખવાનો જે નવતર પ્રયોગ કર્યો તે અભિનંદનીય છે.'' એક શિક્ષિત વાલીનો આ પ્રતિભાવ એ જ એની સફળતાની પરાકાષ્ઠા હતી.

# "પાણી પહેલાં પાળ બાંધીએ તો !"

"જો બેટા નિકિતા.. તારા મમ્મીને કહેજે કે તમારા ડોક્ટર પાસે તારું બ્લડપ્રેશર બે-ત્રણ વાર જોવડાવી લે.. કારણ કે અહીં ડોક્ટરી તપાસમાં તેમાં સામાન્ય હોવું જોઈએ તે કરતાં ફેરફાર આવ્યો છે.''..નિકિતાએ ઘેર જઈને એના મમ્મીને વાત કરીને મમ્મી એકદમ અકળાઈ ગયાં. "આટલાં છોકરાઓને તે વળી બ્લડપ્રેશર હોતું હશે ?.. તમારી સ્કુલ પણ ખરું કરે છે. ખાલી ડોક્ટર પાસે જવાની શી જરૂર છે ?'' ને વાત ત્યાંથી જ અટકી ગઈ.

તો બીજા માબાપે ફરિયાદ કરી.. "આજે ઋચિતાને ડોક્ટરે બ્લડ પ્રેશર માપ્યું તો એ તો એટલી બધી ગભરાઈ ગઈ કે ઘેર આવીને તેને ઉલ્ટી થઈને માથામાં દુઃખવાની ફરિયાદ કરવા લાગી. સ્કુલનાં છોકરાંઓનું તે વળી બ્લડ પ્રેશર મપાતું હશે ?.. નાહકનાં છોકરાઓનાં મગજમાં વહેમ ઊભા કરો છો !!''

તો વળી, ત્રીજા એક વાલીએ તો વળી એવો જ પ્રતિભાવ આપ્યો, "આતો ડોક્ટરને લાભ કરવાની વાત છે.. છોકરાઓ ને તે વળી બ્લડપ્રેશર ક્યાંથી થાય !

..ને મને આપણાં આ માબાપની અજ્ઞાનતા, અને પૂર્વગ્રહભર્યા મનોવલણ માટે અનેક પ્રશ્નો ઘૂમરાવા લાગ્યાં.. એક ચિંતકે ભલે કહ્યું હોય કે 'Ignorance is bliss' પણ 'knowledge is Power' એ પણ એટલું જ સત્ય છે; ને આજે જ્યારે વિજ્ઞાન હરણફાળે આગળ વધી રહ્યું છે ત્યારે એનાથી થતાં અનેક લાભથી આપણે શા માટે વંચિત રહેવું જોઈએ ?

સ્કુલમાં આવતાં બાળકો ક્યારેક માથાનાં દુઃખાવાની ફરીયાદ કરે છે. તો ક્યારેક બેચેનીની. તો ક્યારેક ઉલટીની, ને આ બધાંને કારણે તેઓ સ્વસ્થતાથી અભ્યાસ કરી શકતાં નથી, બાળપણનો આનંદ માણી શકતાં નથી અને એટલે બાળકોની તંદુરસ્તી માટે પણ બેધ્યાન સેવાય એ બરાબર નથી ને એટલે જીવરાજ મહેતા હોસ્પિટલનાં ઉપક્રમે બાળકોમાં હાઈપર ટેન્શન અંગેનું એક સંશોધન હાથ ધરાયું. જેમાં શારદામંદિરનાં બાળકોને પણ તપાસવામાં આવ્યાં ને તેમાં લગભગ જુદાજુદા વર્ગમાંથી આશરે સરેરાશ બેએક જેવા બાળકોમાં આ હાઈપર ટેન્શન જોવા મળ્યું અને એટલે એ શાથી છે ને ભવિષ્યમાં બાળક હાઈપર ટેન્શનને કારણે થતાં કિડનીના કે હાર્ટના દર્દનો ભોગ ન બને તે માટે તેમનું ધ્યાન દોરવામાં આવ્યું.

'ચેતતા નર સદા સુખી' કે 'પાણીપહેલાં પાળ બાંધવા માટે થયેલ આ કાર્યક્રમ માટે કેટલાક વાલીઓનો આવો પ્રતિભાવ આવ્યો ત્યારે દુઃખ પણ થયું ને આશ્ચર્ય પણ થયું... "Prevention is better than cure" એ હકીકતને આપણે જીવનમાં સ્વીકારતાં ક્યારે શીખીશું ?.. કોઈપણ હકીકત માટે નિષેધાત્મકને બદલે વિધેયાત્મક અભિગમ અપનાવતા આપણે ક્યારે થઈશું ?.. 'આંગળી ચીંધ્યાનું પૂણ્ય' કોઈ પામી, આપણા સંતાનો માટે આપણું ધ્યાન દોરે તેનાંથી રૂડું બીજું શું હોઈ શકે !!!! આવું માર્ગદર્શન ક્યારેક ભવિષ્યની બહુ મોટી મુશ્કેલીમાંથી પણ આપણને ઉગારી શકે છે. સંતાનનાં અભ્યાસને આપણે જેટલું મહત્ત્વ આપીએ છીએ તેટલું જ મહત્ત્વ તેની તંદુરસ્તીને પણ અપાય એ એટલું જ જરૂરી છે.

ઊર્મિલા શાહ.

## હાર્દિક અભિનંદન

આ સંસ્થાના ભૂતપૂર્વ વિદ્યાર્થી શ્રી રાજાભાઈ પાઠક ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડની કારોબારીમાં બીનહરિફ ચૂંટાઈ આવ્યા છે. તેમને અમારાં હાર્દિક અભિનંદન.

## કાવ્ય

(૧)

અમાસી આકાશના મુખ પર,
તારલાનાં આંસુ
તેને ચાંદની ન હોવાનું દુઃખ !

(૨)

સ્મૃતિ ક્ષિતિજે દોરાયા મેઘ સ્મરણના,
વરસે છે તેમાંથી ગત જીવન કેરી પળો.

(૩)

મૃત સ્વજન કેરી યાદ આવી ગઈ,
આનંદની એક ક્ષણ અશ્રુમાં પલ્ટાઈ ગઈ.

- કૌલવ ભગત (૧૧ બ)

## હાઈકુ

(૧)

એક રંગારો
રંગી ગયો વિશ્વ
કેવું રંગીલું !

(૨)

ફૂલ હસતું
ખીલતી કળી, કળી
નવા ઉમંગે -

(૩)

તારી આંખોમાં
બિંબ દેખાય મારું
સ્વપ્ન સમાન

(૪)

ગગન ગોખે
ઘૂમતો ચાંદલિયો
લાગે રૂપાળો

જુઈ ડાંડવાલા (૭અ)

# સંસ્થાકીય સમાચાર

## બાલમંદિર

તા. ૫-૨-૯૪ને શનિવારનાં રોજ તાલીમ વિભાગનાં બાળકો માટે વેશભૂષા સ્પર્ધા યોજવામાં આવી. બાળકો તેમનાં રોજ બરોજનાં જીવનમાં જે પાત્રો જુએ છે તેનું સૂક્ષ્મ નિરીક્ષણ કરી તેનું આબેહૂબ અનુકરણ કરી બતાવ્યું; અને એ પાત્રની ભૂમિકા ભજવતાં કેટલાક બાળકો તો જાણે એમાં ઓતપ્રોત થઈ ગયાં. સ્વામી વિવેકાનંદ, નાણાંપ્રધાન મનમોહનસીંગ, મહારાષ્ટ્રીયન શાકવાળી, વઢકણી સાસુ વિગેરે ઘણા પાત્રોની રજૂઆત ધન્યવાદને પાત્ર રહી.

તા. ૨૨-૨-૯૪ને મંગળવારનાં રોજ તાલીમ મંડળીનાં બાળકો માટે ચિત્ર સ્પર્ધા યોજવામાં આવી. બાળકોએ તેમની આસપાસની દુનિયાને રેખા અને રંગ વડે કાગળ ઉપર સુંદર રીતે અભિવ્યક્ત કરી, ને એ ચિત્રો કરતાં જાણે તેઓ કલ્પનાની દુનિયામાં ખોવાઈ ગયાં. વિજેતા નીવડેલ બાળકોને બિરુદ આપવામાં આવ્યાં.

તા. ૧૫-૩-૯૪ને મંગળવારનાં રોજ તાલીમ મંડળીનાં બાળકો માટે સુલેખન સ્પર્ધા યોજવામાં આવી. બાળકોની આટલી ઊંમરથી સારા અક્ષર માટેની ચીવટ ખરેખર દાદ માંગી લે તેવી છે. વિજેતા નીવડેલા બાળકોને બિરુદ આપવામાં આવ્યાં.

તા. ૧૭-૩-૯૪ને ગુરુવારે બાલમંદિરનાં તમામ વિભાગનાં બાળકો માટે 'Toy-show' યોજવામાં આવ્યો, જેમાં વિવિધ પ્રકારનાં યાંત્રિક રમકડાં બાળકોને બતાવવામાં આવ્યાં. જુદી જુદી મોટરો, એરોપ્લેન, ઘોડાગાડી, વાંદરા, રીંછ, બાથરૂમમાં ફુવારા નીચે નાહતો બાબો વિગેરે રમકડાં બાળકોએ ખૂબ માણ્યાં. બાળકો રમકડાંની દુનિયામાં ખોવાઈ ગયાં ને ખુશખુશાલ થઈ ગયાં.

તા. ૯-૨-૯૪ નાં રોજ બાલમંદિર બ વિભાગનાં બાળકોએ તા. ૨૩-૨-૯૪નાં રોજ બાલમંદિર અ વિભાગનાં બાળકોએ તથા તા. ૨૪-૨-૯૪નાં રોજ તાલીમ વિભાગના બાળકોએ વિશાલાનો પ્રવાસ માણ્યો. વિશાલાનાં મુક્ત વાતાવરણમાં બાળકો ખૂબ નાચ્યાં, કૂદ્યાં ને ખેલ્યાં.

૩૨મી ઓલ ઈન્ડીયા ચીલ્ડ્રન્સ આર્ટ એક્ઝીબીશન ૧૯૯૩, ચીલ્ડ્રન્સ લીટલ થીયેટર કલકત્તા દ્વારા આયોજિત ચિત્ર સ્પર્ધામાં નેશનલ કક્ષાએ ચિ. શિવાંગી ટંકશાળી આશ્વાસન ઈનામ મેળવે છે. તે માટે અભિનંદન.

## શિશુમંદિર

**રમતોત્સવ :**

તા. ૧૪-૨-૯૪નાં રોજ ધોરણ ૧ થી ૪ માટે રમતોત્સવ યોજવામાં આવ્યો. બાળકો માટે સંગીત ખુરશી, દેડકાં દોડ, સાદી દોડ, વિઘ્નદોડ, લખોટી વીણવી, બટાકા વીણવા, મમરા પરોવવા, ગાંઠ વાળવી, તોરણ બનાવવું, આંધળાનો ગોળીબાર, દોરડાદોડ, મમરામાં ગોળી શોધવી, યાદશક્તિની ચકાસણી જેવી સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું. બાળકોએ ખૂબ ઉત્સાહભેર ભાગ લીધો. વિજેતા નિવડનાર બાળકોને ધન્યવાદ.

તા. ૭-૩-૯૪નાં રોજ ધોરણ ૫ થી ૭ માટે રમતોત્સવ યોજવામાં આવ્યો. જેમાં લંગડી, કબડ્ડી, ડોઝબોલ જેવી સાંઘિક રમતો યોજવામાં આવી.

**સાંસ્કૃતિક કાર્યક્રમ :**

તા. ૨૩-૨-૯૪નાં રોજ ઠાકોરભાઈ દેસાઈ હોલમાં નૃત્યનાટિકા 'મેળો' રજૂ કરવામાં આવી. જેમાં ધોરણ ૧ થી ૯ સુધીનાં લગભગ ૨૩૨ વિદ્યાર્થી ભાઈ બહેનોએ ભાગ લીધો. મેળાનું વાતાવરણ ખૂબ સરસ રીતે જામ્યું... બાળકો ને પ્રેક્ષકો તથા આમંત્રિત મહેમાનોએ મેળો ખૂબ માણ્યો.

**સ્વયં શિક્ષણદિન :**

તા. ૯-૩-૯૪નાં રોજ ધોરણ ૧ થી ૭ નાં વિદ્યાર્થીઓએ સ્વયં શિક્ષણદિન ઉજવ્યો. જેમાં લગભગ ૪૫ વિદ્યાર્થી ભાઈબહેનોએ ઉત્સાહપૂર્વક ભાગ લઈ આખો દિવસ શિક્ષણકાર્ય સફળતાપૂર્વક સંભાળ્યું. વિદ્યાર્થીઓ માટે આ એક અભૂતપૂર્વ અનુભવ હતો. જેનાંથી તેમનામાં આત્મવિશ્વાસ પ્રગટે છે.

**હોળી ગીતો :**

તા. ૨૫-૩-૯૪નાં રોજ ૧ થી ૪નાં બાળકો માટે 'હોળીગીતો' યોજાયાં. વસંતઋતુનાં ગીતો અને હોળીગીતો બાળકોએ ઉત્સાહથી ગાઈને વાતાવરણને પ્રસન્નતાથી ધબકતું કરી દીધું.

**હસ્તલિખિત અંકો**

વિદ્યાર્થીઓએ, 'ફાગણનાં ફૂલડાં' (હોળીગીતોનો અંક), રમતજગત' જેમાં જુદી જુદી રમતો, તેના નિયમો, રીત વિગેરેની માહિતી, તથા 'પૃથ્વી પરિચય' જેમાં પૃથ્વીનાં બધાં જ ખંડમાં આવતાં જુદા જુદા દેશોની ભૌગોલિક માહિતી આપતા અંક બનાવ્યાં. વિદ્યાર્થીઓની સર્જનાત્મક શક્તિની પ્રતીતિ કરાવતાં આ અંકો પ્રશંસાને પાત્ર તૈયાર થયાં છે.

**આંતરગૃહ સ્પર્ધાઓ**

**ચેસ સ્પર્ધા ૭-૧-૯૪**

| | | |
|---|---|---|
| પ્રથમ | - | અમીત ચંદ, ધવલગિરિ. |
| દ્વિતીય | - | જય શાહ, રત્નદીપ |
| તૃતીય | - | પાવન ઓઝા, મેઘનાદ |

**કેરમ સ્પર્ધા ૧૦-૧-૯૪**

| | | |
|---|---|---|
| પ્રથમ | - | પાવન ઓઝા, મેઘનાદ |
| દ્વિતીય | - | મનન ગોસલિયા, મેઘનાદ |
| તૃતીય | - | દિપેન દેસાઈ, ધવલગિરિ |

**સલાડ સ્પર્ધા ૮-૩-૯૪**

| | | |
|---|---|---|
| પ્રથમ | - | પાયલ નાણાવટી, ગંગોત્રી |
| દ્વિતીય | - | દેવકી દવે, ગંગોત્રી |
| | | જુઈ ડાંડવાલા, ગંગોત્રી |
| | | દિગિશા મહેતા, ધવલગિરિ |
| તૃતીય | - | સર્જન શાહ ધવલગિરિ |
| | | પંક્તિ સોમાણી રત્નદીપ |
| | | અદિતિ શાહ મેઘનાદ |

*વિજેતા ભાઈબહેનોને અભિનંદન*

## અભિનંદન

**ચિત્ર**

શંકર્સ ઈન્ટરનેશનલ ચીલ્ડ્રન્સ કોમ્પીટીશનમાં ચિ. દેવાંશી મયૂરભાઈ શેઠે (ધોરણ ૨ અ) ચંદ્રક મેળવ્યો છે, નવી દિલ્હી ખાતે ઉપરાષ્ટ્રપતિનાં હસ્તે એનાયત થયેલ આ ચંદ્રક તથા પ્રમાણપત્ર માટે બેન દેવાંશીને અભિનંદન.

જવાહરલાલ નહેરુ તત્કાલ બાલચિત્ર સ્પર્ધામાં વિજેતા નીવડનાર ચિ. રાજવી શાહ (૭ અ), વૈભવ પુરાણી (૫ બ), દેવાંગી મુનશી તથા સ્તુતિ શાહ (૪ અ) ને અભિનંદન.

નર્મદા અભિયાન આયોજીત. ચિત્ર સ્પર્ધામાં ચિં. કુંતલ પરીખ (૪ બ) ને પ્રથમ, ચિ. પ્રતિક શાહ (૨ક)ને દ્વિતીય, ચિ. ક્રિષ્ના શાહ (૨ બ) ને ચતુર્થ તથા ચિ. શર્વિલ ટંકશાળી (૩ બ)ને પાંચમું ઈનામ મેળવવા બદલ અભિનંદન.

ગુજરાત કૉ. ઓપરેટીવ મીલ્ક માર્કેટીંગ ફેડરેશન લીમીટેડ આયોજીત ન્યુટ્રામૂલ ચિત્ર સ્પર્ધામાં પ્રથમ ગ્રુપમાં ચિ. કૌશલ સોપારકર (૫ બ)ને દ્વિતીય, ચિ. સ્તુતિ શાહ (૪ અ ) ને આશ્વાસન ઈનામ મળેલ છે. તથા બીજા ગ્રુપમાં ચિ. ચાર્મી પટેલ (૬ બ)ને દ્વિતીય તથા ચિ. રાજવી શાહ (૭ અ)ને, અને ચિ. રાજસી શેઠ (૬ ક)ને આશ્વાસન ઈનામ મળેલ છે. સૌ વિદ્યાર્થી ભાઈબહેનોને ધન્યવાદ.

સેન્ટર ઓફ ઈન્ડિયન કલ્ચર; પાલનપુર આયોજીત તૃતીય બાલચિત્ર સ્પર્ધામાં ગ્રુપ પ્રથમમાં ચિં. બંદીશ સોપારકરે (૧ અ) રજતચંદ્રક મેળવેલ છે તથા ચિ. જીનલ મહેતા (૨ ક) એ મેરિટ સર્ટીફીકેટ મેળવ્યું છે તથા બીજા ગ્રુપમાં ચિ. ક્રિષ્ના શાહે (૨બ) કાંસ્ય ચંદ્રક, ચિ. દેવાંગી મુનશીએ ઈનામ તથા ચિ. પ્રતિક શાહે (૨ ક) મેરિટ સર્ટીફીકેટ મેળવ્યાં છે, તે બદલ સૌ વિદ્યાર્થી ભાઈબહેનોને અભિનંદન.

મૌલાના આઝાદ મેમોરિયલ ટ્રસ્ટ આયોજીત ચિત્ર સ્પર્ધામાં ચિ. જીનલ મહેતા (૨ક)ને નવમું તથા ચિ. શેમોલી મહેતા (૩ ક) ને ચોથું ઈનામ મેળવવા બદલ અભિનંદન.

સ્ટર્લીંગ ક્લબ આયોજીત ચિત્ર સ્પર્ધામાં ચિ. જીનલ મહેતાને દ્વિતીય ઈનામ પણ મળ્યું છે તે બદલ ધન્યવાદ.

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન તથા અમદાવાદ મેડિકલ એસોસિયેશનનાં સંયુક્ત ઉપક્રમે યોજાયેલ બાલચિત્ર સ્પર્ધામાં ચિ. પ્રતિક શાહ (૨ ક) ને ખાસ ઈનામ મળ્યું છે તે માટે અભિનંદન.

**વેશભૂષા સ્પર્ધા**

ચિ. પ્રતિક શાહને રાજપથ ક્લબ ખાતે યોજાયેલ વેશભૂષા સ્પર્ધામાં પ્રથમ ઈનામ મેળવવા બદલ ધન્યવાદ.

**પતંગ હરીફાઈ**

ચિં. કુંતલ પરીખને રાજપથ ક્લબ ખાતે યોજાયેલ પતંગ હરીફાઈમાં ત્રીજું ઈનામ મેળવવા બદલ ધન્યવાદ.

**રમતગમત સ્પર્ધા**

ગુજરાત સ્પોર્ટીંગ ક્લબ આયોજીત રમતસ્પર્ધામાં ચિ. ભાવન પરીખને ત્રીજું ઈનામ મેળવવા બદલ અભિનંદન.

## વિનયમંદિર

**ક્વીઝ :**

તા. ૫, ૧૨ તથા ૧૯મી જાન્યુઆરી ૧૯૯૪નાં રોજ આંતરગૃહ ક્વીઝ કાર્યક્રમ યોજવામાં આવ્યો, સંચાલન પૂ. દિનુભાઈએ અને શ્રી વશરામભાઈએ કર્યું. ચંદ્રમૌલિ વિજેતા બન્યું, તે માટે ધન્યવાદ.

તા. ૬-૧-૯૪નાં રોજ 'ભારતીય સંસ્કારધામ' તરફથી લેવાયેલ પરીક્ષાની ચંદ્રક એનાયત વિધિ શ્રી દેવેન્દ્રભાઈ ઠાકરના શુભહસ્તે યોજાઈ. જેમાં નીચે મુજબ વિદ્યાર્થી ભાઈબહેનોએ ચંદ્રકો પ્રાપ્ત કર્યા.

| | |
|---|---|
| શાહ નિધિ પિયૂષભાઈ | (૮ અ) |
| ગોસલિયા ચિંતન મહેન્દ્રકુમાર | (૮ બ) |
| દવે વિવેક અરવિંદભાઈ | (૮ ક) |

**સ્વયંશિક્ષણદિન :**

તા. ૧૧-૨-૯૪નાં રોજ ધો. ૮ તથા ૯નાં વિદ્યાર્થી ભાઈબહેનોએ સ્વયંશિક્ષણ દિન ઉજવ્યો. વિદ્યાર્થીઓએ આખો દિવસ જાતે શાળાનું શિક્ષણકાર્ય સફળતાપૂર્વક સંભાળ્યું.

**આંતરગૃહ ગરબા સ્પર્ધા :**

ધો. ૮ અને ૯ની બહેનોએ તા. ૧૨-૩-૯૪નાં રોજ આંતરગૃહ ગરબાસ્પર્ધા રજૂ કરી. જેમાં તેઓએ કેસેટ ઉપર ખૂબ સરસ રીતે તાળી ચપટીનાં તથા વિવિધતાભર્યા ગરબા રજૂ કર્યાં. આ પ્રસંગે પૂ. દિનુભાઈએ પ્રાસંગિક પ્રવચન કર્યું તથા શ્રી દેવેન્દ્રભાઈ ઠાકરનાં હસ્તે શિલ્ડ આપવામાં આવ્યાં. નીચે મુજબ ગૃહો વિજેતા બન્યાં.

**તાળી ચપટીનાં ગરબા :**

| | | |
|---|---|---|
| પ્રથમ | - | પદ્મપુકુર |
| દ્વિતીય | - | મેઘદૂત |

**વિવિધતાભર્યા ગરબા :**

| | | |
|---|---|---|
| પ્રથમ | - | મેઘદૂત |
| દ્વિતીય | - | પદ્મપુકુર |

***સૌ બહેનોને અભિનંદન.***

**રમતોત્સવ :**

તા. ૨૫-૨-૯૪ તથા ૨૬-૨-૯૪નાં રોજ રમતોત્સવ યોજાઈ ગયો. જેમાં વ્યાર્કતગત તથા સાંઘિક રમતોની વિવિધ સ્પર્ધાઓ યોજાઈ.

તા. ૨-૩-૯૪નાં રોજ ડો. થાનકીનું એક્યુપ્રેશર અંગે માહિતીસભર પ્રવચન યોજાયું.

તા. ૧-૩-૯૪નાં રોજ ધો. ૯નાં વિદ્યાર્થી ભાઈબહેનો માટે Aptitude test યોજાયો.

## સંસ્થાનું ગૌરવ

સંસ્થાના ભૂતપૂર્વ વિદ્યાર્થી ચિ. નીરજ પ્રદીપભાઈ શોધનને B.E. (Mechanical) ના પ્રથમ વર્ષમાં પ્રથમ આવવા બદલ ગુજરાત યુનિવર્સિટી તરફથી સુવર્ણ ચંદ્રક એનાયત કરવામાં આવ્યો છે, ભાઈ નીરજને ખૂબ ખૂબ ધન્યવાદ.

તંત્રી, મુદ્રક, પ્રકાશક : દિનુભાઈ દવે, આચાર્ય અને નિયામક, શારદામંદિર, અમદાવાદ ૩૮૦ ૦૦૭.
ટાઈપ સેટીંગ : આકાશ ગ્રાફિક્સ, ૧૮ પલ્લવી ટાવર-૧, નવરંગપુરા, અમદાવાદ ૩૮૦ ૦૦૯. ફોન : ૪૬૪૮૧૬
મુદ્રણ સ્થળ : મારૂતિ પ્રિન્ટર્સ, તાવડીપુરા, અમદાવાદ ૩૮૦ ૦૦૪. ફોન : ૩૧૨૩૧૨, ૩૪૫૫૫૯